VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# वेद, विवाह और कुटुम्ब संस्था

## Dr. Dharti H. Gajjar

Assistant Professor, Homescience Department, Jethiba K.Patel Arts College & B.A. Patel and D.B.Vyas Commerce College, Ruppur-Chanasma, Patan, Gujarat, India
Email: dhartidhruv@gmail.com
Mobile: 7874532088

## ABSTRACT

ઋગ્વેદની કુટુંબસંસ્થા પિતૃપ્રધાન છે. જેમાં પિતા તથા પુત્રને માતા કે કન્યાની અપેક્ષાએ વધારે અધિકાર મળેછે. ઋગ્વેદમાં પિતા કે માતાને ભુલોક અને પૃથ્વીલોક તરીકે વર્ણવવામાં આવ્યા છે. અહીં આ બન્નેની સમાન મહિમાનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. સુર્યા-સુક્તોમાં સુર્યા અને ચંદ્રમાના વિવાહનું વર્ણન છે. આર્યોના વિવાહ સંસ્કારમાં આ સુર્યા-સુક્તોના મંત્રોનું પઠન કરવું પડે છે. આ શોધલેખ માં વૈદિકોની કુટુંબસંસ્થા તથા વિવાહ ઉપર સંક્ષેપમાં પરામર્શ કરવામાં આવ્યો છે, અને આ અંગેના ઉભા થઇ ગયેલા ખોટામતોની સમીક્ષા કરવામાં આવીછે.

## INTRODUCTION

**अयं पन्था अनुवित: पुराण:**
**यतो देवा उदजायन्त विश्वे |-ऋग्वेद**

**दिक्** નો અર્થ છે દેશ એટલે કે ભારતવર્ષ વર્તમાન ભારતીય સંસ્કૃતિ વાસ્તવમાં વૈદિક સંસ્કૃતિનું જ વિકસિત રૂપ છે. પરંતુ વર્તમાન સમયમાં અસ્તિત્વમાં આવલું પૌરાણિક સંસ્કૃતિ સ્વરૂપ અસલમાં એ છે જે વૈદિકો દ્વારા પૂર્ણ તથા આત્મસાત કરેલું છે. વેદોના ભૂતકાળમાં વૈદિકતરોનો મહાન સંસ્કૃતિનો યુગ ભારતવર્ષમાં શરૂ થયો. અહિયાંની નદિઓના કિનારા તથા પર્વતોની આજુબાજુ રાજ્યો, ગામો તથા નગરોની રચના થઈ હતી. વૈદિક સંસ્કૃતિ સંસારની પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક છે. તેનું સ્થાન ખુબ જ મહત્વપૂર્ણ છે. વર્તમાન ભારતવર્ષની આ સંસ્કૃતિની વૃદ્ધિ કરવામાં તેમના પૂર્વજો પ્રાચીનકાળથી સંલગ્ન છે. પરિવર્તન અને ક્રાન્તિઓ તેના વિકાસની ઉજ્જવળ કડીઓ બની છે. સંસારની વિવિધ સભ્યાતાઓ આ સંસ્કૃતિમાં ભળીને એક થઈ છે. વાસ્તવમાં વૈદિક સંસ્કૃતિ વિશ્વ-સંસ્કૃતિનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

સંસ્કૃતિના આધ્યાત્મિક અંશમાં ધર્મ, નીતિ, વિધિ-વિધાન, વિદ્યાઓ, કલા, કૌશલ્ય, સાહિત્ય, વગેરેની સાથે માનવીમાં રહેતા બધાજ સદગુણો અને શિષ્ટાચારનો અન્તભાર્વ હોયછે. પ્રકૃતિ ઉપર વિજય મેળવવાની ઈચ્છા આ દ્રષ્ટિએ જ અસ્તિત્વમાં આવી હશે. ઉદાહરણ જોઈએ તો ધન અને સ્વરૂપવાન યુવતીને પામવાની ઈચ્છા હોવી તે માનવીની સ્વાભાવિક વૃતિ છે. પેઢીઓના અનુભવોને આધારે માનવીએ વિવાહ સંસ્થા તથા કુટુંબ-જીવનના નિયમો નું નિર્માણ કર્યું.

વૈદિકોની કુટુંબસંસ્થા અનેક વેદ-પૂર્વ કાળો થી ચાલી આવી છે. વેદ-પૂર્વ કાળમાં યજ્ઞ સંસ્થાનો જન્મ થયો અને આ સંસ્થાના ધાર્મિક બળ પર વૈદિકોએ કુટુંબની સ્થાપના કરી.

**जायमानो वै ब्राह्मणस्त्रिभिॠणवा जायते ब्रह्मचर्येणर्षिभ्यो**
**यज्ञेन देवेभ्ये: प्रजया पितृभ्य एष वा अनृणो य:**
**पुत्री यज्वा ब्रह्मचारिवासी||- (तैसं. ६/३/१०/५)**

તેતરીય સંહિતામાં નિર્દેશ કરાયો છે કે “જન્મ લેનાર બ્રાહ્મણ ત્રણ ઋણોની સાથે જન્મ લે છે”. ઋષિઓનું ઋણ બ્રહ્મચર્યથી, દેવોનું ઋણ યજ્ઞથી અને પિતૃઓનું ઋણ પ્રજોત્પતીથી ચુકવી શકાય છે.

આશ્રમ વ્યવસ્થાનું સૌ પ્રથમ વર્ણન છાન્દોગય ઉપનિષદ માં જોવા મળેછે. ધર્મરૂપી વૃક્ષની ત્રણ શાખાઓ જ ત્રણ આશ્રમ છે. પહેલો આશ્રમ છે-ગૃહસ્થાશ્રમ, બીજો આશ્રમ છે-વાનપ્રસ્થાશ્રમ અને ત્રીજો આશ્રમ છે- બ્રહ્મચર્યાશ્રમ.

વાલ્મીકિ રામાયણમાં ઘર-ઘર માંથી શાંતિ અને સમાધાનના જ સૂરો નીકળતા જોવા મળતા હતા. તે સમયે પ્રત્યેક કુટુંબ આદર્શ ગૃહસ્થાશ્રમનું પ્રતિક હતું.

http://vidyajournal.org


© 2022 Vidya – A Journal of Gujarat University

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

**सानन्दं सदनं सुताश्च सुधियः कान्ता न दुर्भाषिणीं |**
**सन्मित्रं सधनं स्वयोषिति रतिश्चाशापराः सेवकाः ||**
**आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे |**
**साधोः संगमुपासते हि सततं धन्यो गृहस्थाश्रमः ||**

જાતિભેદ, વર્ગભેદ કે શ્રીમંત-ગરીબના ભેદ વિના સર્વત્ર કુટુંબમાં આવો જ ગૃહસ્થાશ્રમનો આનંદ હતો. રામકાળમાં સ્ત્રીઓ સ્ત્રીઓ જ Womanly Woman અને પુરુષો પુરુષો જ Manly Man હતા, તેથી કુટુંબ વ્યવસ્થા સારામાં સારી રીતે ચાલતી હતી અને તેના બદલે સ્ત્રેણયુક્ત પુરુષ Womanly Man અને સ્ત્રીપુવંત Manly Woman થાય એટલે કુટુંબસંસ્થા બગડી.

ઋગ્વેદની કુટુંબસંસ્થા પિતૃપ્રધાન છે. આ સંસ્થા પિતા અને પુત્રને, માતા કે પુત્રી કરતાં વધારે અધિકાર આપતી પરંતુ સામાન્યરૂપે આ કુટુંબસંસ્થામાં પિતા અને માતાની પ્રતિષ્ઠા સમાન માનવામાં આવતી. "पितरौ" જેવા દ્વિવચનનો પ્રયોગ માતા-પિતા બંને માટે થતો, જેના દ્વારા બંનેની સમાન પ્રતિષ્ઠા સૂચિત થાયછે. ઋગ્વેદમાં 'પિતા' અને 'માતા' શબ્દો દ્વારા 'દ્યુલોક' અને 'પૃથ્વી' નો નિર્દેશ થાયછે.

**ते हि धावापृथ्वी विश्वशंभुव ऋतावरी रजसो धारयत्कवी |**
**सुजन्मनी धिषणे अन्तरीयते देवो देवी धर्मणा सूर्यः शुचिः ||**
**उरुव्यचसा महिनी असश्चता पिता माता च भुवनानि रक्षतः | (ऋसं. १/१६०/१-२)**

આ ભાષા કુટુંબસંસ્થાનાં સંબંધો તથા આકાંક્ષાઓને સૂચિત કરેછે. 'सूर्या-सुक्तो' માં સુર્યા તથા ચંદ્રાના વિવાહનું વર્ણન છે. સુર્યાનો અર્થ છે કિરણ-લક્ષ્મી એટલે કે કિરણોની આભા કે શોભા, જેની સાથે ચંદ્રનો વિવાહ થયો. આજ ખગોળશાસ્ત્રનો સિદ્ધાંત છે. આર્યોના વિવાહ સંસ્કારમાં આ 'सूर्या-सुक्त' નું પઠન કરવું પડેછે. કુટુંબસંસ્થા એ સમાજનું સ્થૈર્ય છે. કુટુંબસંસ્થામાં પતિ-પત્નીના સંબંધોમાં અભેદ હોવો જોઈએ અને થવો જોઈએ.

**अनुव्रतः पितुः पुत्रो भात्रा भवत संभनाः |**
**भया पत्ये मधुमतीं वायं वध्तु शन्तिवाम् || (अथर्ववेद ३/३०/२)**

આદર્શ ઘરસંસારમાં સંતાનો માતાપિતાને આજ્ઞાંકિત હોયછે. માતાપિતા સંતાનોના હિતેચ્છુ હોયછે. પતિ અને પત્નીના પારસ્પરિક સંબંધો મીઠાશભર્યા અને સુખદ હોયછે. આવા કુટુંબો હંમેશા ફૂલતા-ફાલતાં હોયછે અને સુખી રહેછે. માનવજીવનની આશ્રમવ્યવસ્થા વૈદિક ધર્મની ઘણી મોટી વિશેષતા છે.

**अभ्रातय पुस एति प्रताची नतारुगिव सनय चनानाम् (ऋसं. १/१६०/१-२)**
**नाभ्रात्रीमुपयच्छेत तोकं ह्यस्य तम्दवति | (निरुत्क. ३/५)**

ઋગ્વેદ કાળમાં પતિ-પત્ની તથા કુટુંબસ્થાનો જે પારસ્પરિક સંબંધ હતો તે આજ સુધી ભારતીયોમાં આદર્શ મનાય છે.

**सम्राज्ञी श्वशुरे भव सम्राज्ञी श्वश्रवां भव |**
**ननान्दरि सम्राज्ञी भव सम्राज्ञी अधि देवृषु || (ऋसं. १०/८५/४६)**

વિવાહના સમયે આશીર્વાદના મંત્રોમાં કહેવાય છે કે સાસુ, સસરા, દિયર, નણંદ વગેરેની તું સામ્રાજ્ઞી બન. તે સમયે લોકોની એ ધારણા હતી કે વિવાહ બાદ સ્ત્રી જયારે ઘરમાં પ્રવેશ કરેછે ત્યારે તેના દ્વારા ઘરનું વાતાવરણ ઉત્કર્ષ બનેછે.

**यथा सिन्धुर्नदीनां साम्राभ्य सुषुवं वृषा |**
**एवा त्वं साम्राश्यंधि पत्यरस्तं परेत्य || (अथर्ववेद १४/१/४३)**

સમુદ્ર વરસાવે છે ત્યારે નદિઓને જળ પ્રાપ્ત થાયછે અર્થાત નદીઓનું નિયંત્રણ સમુદ્ર કરેછે તેવીજ રીતે, હે વધૂ ! તું પણ પોતાના ઘરની માલિકણ બનીને સમગ્ર કુટુંબને સુખી બનાવ.

ઋગ્વેદના સમયે એકપત્નીત્વને મહત્વ આપવામાં આવતું માટે જ પાણીગ્રહણના મંત્રો તથા વિવાહના માં પત્ની અથવા ભાર્યાનો ઉલ્લેખ એકવચનમાં જ કરવામાં આવતો. ગુહ્યસુત્રોના સપ્તપદી નામના મંત્રમાં કહેવાયું છે કે પત્ની સખી બનેછે. તેથી એમ કહી શકાય કે પતિ-પત્નીની મિત્રતા તથા સમાનતાનો સંબંધ વૈદિકોના વિવાહનો આદર્શ હતો. પાણીગ્રહણ મંત્રમાં કહેવાયું છે કે

**भगो अर्यमा सविता पुरन्धिर्मह्यं त्वादुर्गार्हपत्याय देवाः| (ऋसं. १०/८५/३६)**

ઋગ્વેદના કાળમાં સમાજમાં બહુપત્નીત્વ માન્ય હતું. આ પ્રથા કદાચ ઉચ્ચવર્ગ અને કારીગરોમાં વધારે પ્રચલિત હતી. ભારતીય સમાજમાં ઋગ્વેદ કાળથી આજ સુધી આ પ્રથા રૂઢ થયી ગઈ છે.

http://vidyajournal.org


© 2022 Vidya – A Journal of Gujarat University

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

**तमस्मेरा युवतयां युवान**
**मर्मुभ्यमना: परि यन्स्याप: |**
**स शुक्रेभि: शिकव भी रेवदस्मे**
**दीदायानिध्मो धृतनिर्णिंगप्सु || (ऋसं. २/३५/४)**

જેમનાં હૃદય શુદ્ધ, નિર્મળ, અને પવિત્ર હોય તે યુવક અને યુવતીઓએ લગ્ન કરવા જોઈએ ગૃહસ્થાશ્રમ એટલે બે વ્યક્તિઓના આધ્યાત્મિક વિકાસનું સ્થાન,સદગુણ અને સદાચારનું શિક્ષણ લેવાની નિશાળ. શ્રી રામચંદ્ર પોતાના ગૃહસ્થશ્રમનું વર્ણન કરેછે.

**अद्वेत सुखदुखयोरनुगतं सर्वास्ववस्थासु य-**
**द्विश्रामो ह्रदयस्य यत्र जरसाप्यस्मिन्हार्यी रस: |**
**कालेनावर्णात्य्यात्परिणते यत्स्नेसारे स्थिथ्तं**
**भद्रं तस्य सुमानुषस्य क्थमप्येकं हि तत्पाप्यते ||**

ટુકમાં 'રામાયણ' એટલે ગૃહસ્થાશ્રમ .

"સંસારમાં સરસો રહે અને મન મારી પાસ" નરસિંહ ભગતનું આ વર્ણન આખિલ ભારતનું અંતરંગ દર્શાવે છે. ગૃહ અને ગૃહસ્થાશ્રમ તેમજ કુટુંબવ્યવસ્થા 'રામાયણ' માં ટોચ ઉપરના હતા.

વેદોમાં ગૃહસંસ્થામાં પત્નીના રૂપમાં સ્ત્રીની પ્રતિષ્ઠાને પરાધાન્યતા આપવામાં આવતી. ખાસ કરીને ક્ષત્રિયકુળમાં જન્મ લીધેલ નારીઓને યુદ્ધમાં પણ જોડાવાનો અધિકાર હતો. પુત્રના અભાવમાં પુત્રીનો અધિકાર માનવામાં આવતો તેને 'પુત્રિકા' કહેછે. તેના દ્વારા ઉત્પન્ન પુત્રને તેના પિતાની સંપતિનો ઉતરાધિકાર પ્રાપ્ત થવો. માટેજ તે કાળમાં એવી છોકરી જેનો કોઈ ભાઈ ન હોય તેની સાથે વિવાહ કરવામાં લોકો અચકાતા. કારણકે ઉત્પન્ન થયેલ તેના પિતાનો પુત્ર મનાય છે.

**सनायुवां नमसा नव्यो अकेवसूयवो अभतयो दस्म द्रदु |**
**पतिं न पत्नीरुशतीरुशन्तं स्पृशन्ति त्वा शवसावन्मनिषा ||(ऋसं. १/६२/११)**

**ઋગ્વેદમાં કેટલીક વાર દાનરૂપે મેળવેલી દાસીનો પણ ઉલ્લેખ છે. તે જમાનામાં ઉચ્ચવર્ગમાં વધૂ પોતાના મિત્ર કે સહચરને જાતે પસંદ કરેછે એટલેકે સ્વયંવર પદ્ધતિ વધારે પ્રચલિત હતી. વિવાહ પહેલાના પ્રેમી માટે 'जार' શબ્દ વપરાતો. વેદોમાં બાળવિવાહનો ઉલ્લેખ જોવા મળતો નથી.**

**युवं नरा स्तुवते कृषणियाय विष्णाप्वं ददुथुविश्वकाय |**
**घोषायै चितितृषदे दुसेणे पतिं पूर्यन्त्या अश्वनावदतम् || (ऋसं. १/११७/७)**

**ઋગ્વેદમાં વૃદ્ધાવસ્થામાં કરવામાં આવતા 'घोषा' નામના વિવાહનો એકમાત્ર ઉલ્લેખ છે.**

**अमाजूरिय पित्रोः सता सती समानादा सद्सस्त्वभिये भगम् |**
**कृधि प्रकेतभुप भास्या भर दध्दि भागं तन्वो येन मामहः || (ऋसं. २/१७/७)**

**અવિવાહિત નારીઓ જીવનભર પિતાના ઘરમાં રહેતી તે ઉલ્લેખ પણ છે.પરિસ્થિતિ પ્રમાણે વરપક્ષ કે વધૂપક્ષ પાસેથી દહેજ લેવાની પધ્ધતિ પણ તે સમયે હતી.**

**अश्रवं हि भूरिदावतरा वां विनभातुरुत वा घा सयालात् |**
**यथा सोमस्य प्रयंति युवभ्यामिन्द्रासी स्तोभं जनयामि नव्यं || (ऋसं. १/१०९/२)**

**વેદોના પહેલાના કાળમાં જે સમાજ હતો તેમાં વિવાહ સંસ્થાનું સ્વરૂપ કેવું હતું તે સંબંધમાં ઋગ્વેદ તથા અન્ય વેદોમાંથી કોઈ વિશેષ અનુમાન કરી શકાતું નથી. સ્મૃતિઓ તથા પુરાણોમાં પ્રાપ્ત થતા જ્ઞાન ના આધાર પર તે સમયની વૈદિક સમાજની વિવાહ- સંસ્થાના ઈતિહાસ અને પરિવર્તનોનું અનુમાન કરવું શક્ય છે.**

**प्रजापति:प्रजतिकामस्तपोडतप्यत तस्मातप्राप्तपञ्चाजायन्ताचाजायन्ताग्निवायुशदित्यश्चन्द्रमा उषा: पञ्चमी तान्ब्रविधुयमपि तप्यद्वमिति तेडदीक्ष.न्तु तान्दिक्षितांस्तोपानानुषा: प्राजापत्याप्सरोरुपं कृत्वा पुर्स्तात्प्रत्युदत्स्यामेषां मन: समपतते रेतोडसिञ्चन्त ते प्रजापति पितरमेत्याब्रुवन रेता वा असिञ्चाम इद ना मामुया भूदिति स प्रजापतिहिरण चमसमकरोदिषुमात्रमूधर्वमेवं तिर्यञ्च तस्मिन्नेतत्समसिञ्चत्तत उदतिषढत् सहस्त्राक्ष्: सहस्त्रपात् || (कैषि. ब्रा. ६/१)**

**કોષીતકિ બ્રાહ્મણનું ઉપરોક્ત કથન છે. પ્રજાપતીથી અગ્નિ, વાયુ, ચંદ્ર તથા ઉષાનો જન્મ થયો. પરિણામે ભાઈ-બહેન થાય. ભાઇઓના મનમાં ઉષા પ્રત્યે અભિલાષાનો ઉદય થયો.તેના દ્વારા રૂદ્ર ની ઉત્પત્તિ થઇ. યમ અને યમી જોડિયા ભાઈ-બહેન**

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

હતા. યમી પોતાના સહોદર ભાઈ સાથે વિવાહ કરવાનું વિચારતી હતી અને યમ તેને યોગ્ય ન ગણતા તેનો અસ્વીકાર કરેછે. આ સૂક્ત સહોદર સંતાનોના વિવાહનો નિષેધ સૂચવે છે. ઋગ્વેદમાં વિવાહની સીમાનું નિર્માણ કરાયું છે. ત્રીજી પેઢીમાં કુટુંબ અલગ હોયછે એટલે કે પહેલી બે પેઢીઓ એટલેકે સગા કે સાવકા અને કાકા તરફના સંબંધોને છોડીને બીજા યુવક-યુવતીના વિવાહ થઈ શકે. ફોઈની અથવા મામાની બહેન અને કુઆના તથા મામાના ભાઈઓના વિવાહ ઋગ્વેદ કાળમાં માન્ય હતા. ઋગ્વેદી દેશસ્થ તથા કહાડા બ્રાહ્મણો અને કર્નાટકાદિ દક્ષિણના પ્રાંતોના બ્રાહ્મણોમાં આ રીતના નજીકના સંબંધોમાં વિવાહ કરવાની પ્રથા આજે પણ પ્રચલિત છે.મનુસ્મૃતિ અને વેદોમાં સગોત્ર વિવાહનો નિષેધ નથી.

મનવાદિ સ્મૃતિમાં વિવાહના આઠ પ્રકારોનું વર્ણન છે. વશિષ્ઠ- સ્મૃતિમાં ફક્ત છ પ્રકારનું વર્ણન છે. મનુ દ્વારા આપેલા આઠ પ્રકાર આ પ્રમાણે છે:-બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગંન્ધર્વ, રાક્ષસ અને પિશાચ. મનુએ આમાંના પહેલા છ બ્રાહ્મણો માટે, છેલ્લા ચાર ક્ષત્રિયો માટે અને રાક્ષસને છોડીને છેલ્લા ત્રણ વૈશ્યો અને શુદ્રો માટે સૂચવ્યા છે. મહાભારતમાં 'આર્ષ' વિવાહને નિષેધ મનાયો છે કારણકે તેને એક પ્રકારનો કન્યા-વિક્રય ગણી શકાય, 'આસુરવિવાહ' પણ કન્યા-વિક્રયનું એક સ્વરૂપ છે.

આપણા હિન્દુ સમાજમાં પ્રાજાપત્ય, બ્રાહ્મ, તથા ગંન્ધર્વ વિવાહને માન્ય ગણવામાં આવેછે.

श्रसपिसडा च या मातुरसगोत्रा च या पितु:
सा प्रशस्ता द्विजातीना द्वारकर्मणि मैथुने || (मनुस्मृति ३)

'પ્રાજાપત્ય'માં ધર્મ, અર્થ, તથા કામ ત્રણેયના સમાન અધિકારની કલ્પના છે. સંભવ છે કે એક પત્નીત્વની કલ્પનાનો વિકાસ પણ પ્રજાપત્ય વિવાહમાંથી થયો હશે.

'બ્રાહ્મવિવાહ' નું વિશેષ રૂપ કન્યાદાનનું છે. 'ગાંન્ધર્વ' વિવાહએ પ્રેમલગ્ન છે. આ ત્રણેયને હિન્દુ સમાજમાં ઉત્તમ મનાયા છે. વિવાહ સંસ્થાના ઇતિહાસની દ્રષ્ટિએ ઉપરના આઠેય પ્રકાર ખુબ જ મહત્વપૂર્ણ છે. ગાંન્ધર્વ અને પ્રાજાપત્યને છોડીને બાકીના વિવાહ પુરુષપ્રધાન સમાજ તરફ નિર્દેશ કરેછે. એ અનુમાન કરી શકાય કે 'બ્રાહ્મવિવાહ'ને માન્યતા આપવા વાળા સમાજમાં પ્રાચીનકાળથી જ સ્ત્રીઓ અને કન્યાઓને વિક્રય કરવાની રૂઢી હતી.

નિયોગની પ્રથા વેદ-પૂર્વ કાળથી પ્રચલિત છે. આ પ્રથા સ્ત્રીની પરાધીનતા અને પિતૃ-પ્રધાન સંસ્થાની ઓળખાણ આપેછે. આપસ્તમ્બ ધર્મસૂત્રમાં નીયોગનું સમર્થન આ રીતે કરાયું જે

'कुलायैव हि कन्या दीयते'

ઋગ્વેદની સ્ત્રીઓનું સ્તર સ્મૃતિઓની સ્ત્રીઓના સ્તરની તુલનામાં ખૂબ ઉચ્ચ કોટિનું હતું. ઋગ્વેદમાં નદિઓને 'मातृतमा' કહેવાયું છે. માતૃમહિમાને કારણેજ પિતૃપ્રધાન વૈદિક ગૃહ્સંસ્થા વિનાશની ખીણમાં પડતા બચ્યું છે.માતા તથા પિતા બંનેની સમાન પ્રતિષ્ઠા જ વૈદિક ગુહ્સંસ્થાની આધારશીલા છે.

पुनन्तु मा देवजना: पुनन्तु मनसा धिय: |
पुनन्तु विश्वा भूतानि जातवेद: पुनीहि मा || (यजुर्वेद ३९/१९)

પિતાના પુત્ર અને પુત્રીઓને બ્રહ્મચર્ય, સદાચાર. અને વિદ્યા દ્વારા વિદ્વાન, સુંદર અને ચારિતત્ર્યવાન બનાવવાનું પવિત્ર કર્તવ્યવ દરેક સદગૃહસ્થ નિભાવે.

## CONCLUSION

**Marriage** શબ્દ પણ લગ્નજીવનમાં આવશ્યક ગુણોનું સુચન કરેછે.

**M- Merging-** આત્મસમર્પણ

**A- Ambition-** મહત્વાકાંક્ષા

**R- Respect-** સન્માન

**R- Response-** આવકાર (સ્વાગત)

**I- Intimacy-** ગાઢ ઐક્ય

**A-Accreditation-** વિશ્વાસ

http://vidyajournal.org


© 2022 Vidya – A Journal of Gujarat University

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

**G-Gaiety-** આનંદ

**E-Eternity-** શાસ્વતતા

આમ લગ્ન એ આજીવન સાથે રહેવાનું વ્રત છે, દીક્ષા છે અને સપ્તપદી એ ચિર સહવાસ ની પ્રતિજ્ઞા નું પ્રતિક છે. આજે જ્યારે વ્યક્તિ સ્વાતંત્ર્યનો પવન ચોમેર ફૂકાવા લાગ્યો છે અને ઠેર-ઠેર સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવાના બણગાં ફૂકાય છે ત્યારે ઉપરોક્ત શોધપત્ર દ્વારા વધૂની પ્રતિજ્ઞાઓ વિશેષરૂપે સમજવા જેવી લાગેછે.

## REFERENCES

1. "વૈદિક સંસ્કૃતિ કા વિકાસ", લક્ષ્મણશાસ્ત્રી જોષી
2. "વેદોનો દિવ્ય સંદેશ", શ્રી રામ શર્મા આચાર્ય
3. "સંસ્કૃતિ પૂજન", પૂજનીય પાંડુરંગશાસ્ત્રી આઠવલેજી

http://vidyajournal.org


© 2022 Vidya – A Journal of Gujarat University